| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬. |
| રજીસ્ટર તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬. |
| ફેસલ તારીખ | : | ૧૩/૦૩/૨૦૨૬. |
| સમયગાળો | : | વર્ષ-માસ-દિવસ |

સત્યમેવ જયતે

**રાજકોટ જીલ્લાના મહે.શ્રી ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**
**મુકામઃ ધોરાજી**

**ફોજ. પર. અરજી નં.૮૮/૨૦૨૬.**
**આંક-**

**હીરાભાઇ જીવાભાઇ મોરી,**
**ઉ.વ.આ.૨૬, ધંધોઃમજુરી,**
**રહે.પંચેશ્વર, આવળ માતાના મંદિર પાસે,**
**મુ.જુનાગઢ.**
**હાલઃસબ જેલ, ધોરાજી. .......................... અરજદાર.**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી, ધોરાજી ..........................સામાવાળા.**

**બાબતઃ- બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ જામીન અરજી.**

**અરજદાર તરફે વિ. વ. શ્રી એન.આર.શેખવા.**
**શ્રી સરકાર તરફે વિ. સ્પેશ્યલ એડી.પી.પી.શ્રી કે.બી.ડોડીયા.**

## ઠ રા વ

(૧) અરજદારની હાલની જામીન અરજીની વિગત એવી છે કે, આરોપીને જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૫૪૩/૨૦૨૫, પ્રોહી.એક્ટની કલમ-૬૫ (એ), ૬૫ (ઇ), ૧૧૬ (બી), ૮૩, ૮૧ ૯૮ મુજબના ગુનાના કામે તા.૨૬-૧૧-૨૦૨૫ ના રોજ અટક કરેલ છે. ત્યારબાદ જામીન ઉપર મુક્ત થવા માટે અરજ કરતાં નામદાર નીચેની અદાલતે અરજદારની અરજી નામંજૂર કરેલ અને અરજદાર/આરોપી ત્યારથી જ્યુડીશિયલ કસ્ટડીમાં હોઈ હાલની આ અરજી અત્રેની અદાલત સમક્ષ રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા સારૂં દાખલ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી એન.આર.શેખવાની એવી રજૂઆત છે કે, આરોપી સામે જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૫૪૩/૨૦૨૫, પ્રોહી.એક્ટની કલમ–૬૫ (એ), ૬૫ (ઇ), ૧૧૬ (બી), ૮૩, ૮૧, ૯૮ મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનાના કામે આરોપીને તા.૨૬–૧૧–૨૫ ના રોજ અટક કરેલ છે ત્યારથી આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે. આ ગુનાના કામે ચાર્જશીટ થઇ ગયેલ છે, જેનો ફો.કે.નં.૭/૨૬ છે. પોલીસે અરજદારને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. અરજદાર કુટુંબ કબીલાવાળા માણસ છે, પરીવારમાં વૃધ્ધ માતા પિતા અને એક ભાઇ છે, જેને માનસિક બીમારી છે. તેની જવાબદારી અરજદારના શીરે છે. આ ગુનાના કામે એક આરોપીને નામદાર ગુજરાત હાઇકોર્ટે R/CRIMINAL MISC. APPLICATION (FOR SUCCESSIVE REGULAR BAIL AFTER CHARGESHEET) NO. 3891/2026 ના રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે અને અન્ય આરોપીઓને આ કોર્ટે ફો.પ.અ.નં.૭૫/૨૬, ફો.પ.અ.નં. ૭૮/૨૬ તથા ફો.પ.અ.નં.૮૧/૨૬ ના કામે જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે. વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીનાઓ ચલાવી શકે તે મુજબનો ગુનો છે. વધુમાં તેઓની એવી રજુઆત છે કે, આરોપી ઉપર અરજી પેરા–૫ ની વિગત મુજબના ગુનાઓ નોંધાયેલ છે જે ગુનાઓ પૈકી અમુક કેસો પુરા થઇ ગયેલ છે અને અમુક કેસ પેન્ડીંગ છે, આરોપી સ્થાનિક રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલ્કત ધરાવે છે, જેથી નાશી ભાગી જવાની શક્યતા નથી, નામદાર કોર્ટ જે શરતો મુકશે તેનું પાલન કરવા રાજીખુશી અને તૈયાર છે. આ તમામ હકિકતો લક્ષમાં લઇ આરોપીને જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૩) સરકાર તરફે વિદ્વાન સ્પેશ્યલ એડી. પી.પી.શ્રી કે.બી.ડોડીયાની એવી રજૂઆત છે કે, હાલના આરોપીને પેરીટીનો લાભ એટલા માટે આપી શકાય નહી કે, જે આરોપીને નામદાર ગુજરાત હાઇકોર્ટે જામીન ઉપર મુક્ત કરેલ તેઓ મજુર તરીકે મુદ્દામાલ દારૂનું વહન કરતા હતા. જ્યારે હાલના આરોપી દારૂ મંગાવનાર વ્યક્તિ છે તેવા સંજોગોમાં પેરીટીનું

ગ્રાઉન્ડ હાલના આરોપીને લાગુ પડે નહી. વધુમાં તેઓની એવી રજુઆત છે કે, જો આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો સમાજમાં આવી પ્રવૃતિ કરવાવાળાઓને પ્રોત્સાહન મળે તેમ છે. જેથી અરજી નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

(૪) આ કામમાં બંને પક્ષકારોના વિદ્ધાન વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લીધી, આ ગુનાના કામે આરોપીને તા.૨૬-૧૧-૨૦૨૫ ના રોજ અટક કરવામાં આવેલ અને ત્યારથી આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે. ત્યારબાદ આ ગુનાના કામે એક આરોપી કારૂભાઇ ધીરૂભાઇ ગોહેલને નામદાર ગુજરાત હાઇકોર્ટે R/CRIMINAL MISC. APPLICATION (FOR SUCCESSIVE REGULAR BAIL AFTER CHARGESHEET) NO. 3891/2026 ના કામે શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે. સદર આરોપી બનાવવાળી જગ્યાએથી મુદ્ધામાલ સાથે અને વાહનમાં પકડાયેલ છે. આ ગુનાના કામે અન્ય ત્રણ આરોપીને અત્રેની કોર્ટે ફો.પ.અ.નં.૭૫/૨૬ તથા ફો.પ.અ.નં. ૭૮/૨૬ તથા ફો.પ.અ.નં.૮૧/૨૬ ના કામે જામીન ઉપર મુક્ત કરેલ છે. આરોપી વિરૂધ્ધ જે ગુનો છે તે વિદ્ધાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ચલાવી શકે તે પ્રકારનો છે, આરોપી સ્થાનિક રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલ્કત ધરાવે છે, નાશી ભાગી જાય તેવો કોઇ પુરાવો નથી તે હકિકત તથા પેરીટીના ગ્રાઉન્ડને લક્ષમાં લઇ આરોપીની તરફેણમાં મુનસફીની સત્તા વાપરવી યોગ્ય અને મુનાસીફ માનતો હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

**૧.** આ કામના **અરજદાર/આરોપીએ** દાખલ કરેલ હાલની જામીન માટેની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૫૪૩/૨૦૨૫, પ્રોહી.એક્ટની કલમ-૬૫ (એ), ૬૫ (ઇ), ૧૧૬ (બી), ૮૩, ૮૧, ૯૮ મુજબના ગુના સબબ,

અરજદાર/ આરોપીએ રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત ટ્રાયલ કોર્ટમાં રજૂ કર્યેથી ટ્રાયલકોર્ટને સંતોષકારક જણાય તે રીતે નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શ ર તોઃ-**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોને ધાકધમકી આપવી નહી, પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૨) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો કોર્ટમાં રજુ કરવો અને જો ના ધરાવતા હોય તો સોગંદનામાથી તે અંગે જાહેર કરવું.

(૩) અરજદાર/આરોપીએ વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીનાઓની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

(૪) હાલમાં આરોપીનું જે પ્રમાણે એડ્રેસ છે તે એડ્રેસ કોર્ટમાં પુરસીસથી જાહેર કરવું અને વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીનાઓની પુર્વ પરવાનગી વગર તેમાં કોઇ ફેરફાર કરવો નહી.

૩. ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સબંધિત કોર્ટ તથા સબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજ તારીખઃ ૧૩ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૩/૦૩/૨૦૨૬.**
**મુકામઃ ધોરાજી.**

**( અલીહુસેન મોહીબુલ્લાહ શેખ )**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**રાજકોટ એટ-ધોરાજી**
**કોડ નં. જીજે-૦૦૫૨૧**